# શાળાના નિત્યક્રમ રસીકરણો

ધોરણ 7 અને વધુ વયના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને પીલ પબ્લિક હેલ્થ નિત્યક્રમે અપાતા રસીકરણ શાળા અને કમ્યુનિટી ક્લિનિક્સમાં પૂરા પાડશે. આપવામાં આવનાર રસીઓ છે **Meningococcal (મેનિન્જોકોકલ)-C-ACYW, Hepatitis (હેપટાઇટિસ) B (Hep B)**, અને **Human Papillomavirus (હ્યુમન પૅપિલોમાવાઇરસ) (HPV)**.



તમામ રસીઓ વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક રહેશે. કેટલીક રસીઓનું મર્યાદિત સમય માટે જાહેર નીધિયન કરવામાં આવ્યું છે, અને વિદ્યાર્થી માત્ર અમુક ઉંમર સુધી જ તે માટે પાત્ર રહેશે. જો વિદ્યાર્થીઓ પાસે ઓન્ટારિયો હેલ્થ કાર્ડ નહીં હશે તેમ છતા તેમનું રસીકરણ થઈ શકશે.

**મેનિન્જોકોકલ રોગ** એક એવું સંક્રમણ છે જે સામાન્યપણે બેક્ટેરિયાના પાંચ અલગ અલગ જૂથોથી થાય છે જે મગજ અને કરોડરજ્જુની આસપાસ રહેલ લોહી અને પ્રવાહીમાં સંક્રમણ કરે છે. આ જવલ્લે થતો રોગ છે પરંતુ લક્ષણો ઝડપથી જીવન માટે જોખમરૂપ બની શકે છે. રોગમાં થતી જટિલતાઓથી નીચેની સ્થિતિઓ ઊભી થઈ શકે છે

તે ચેપગ્રસ્ત વ્યક્તિના લાળ અથવા લાળ સાથે સીધા સંપર્ક દ્વારા **ફેલાય છે**, જે ચુંબન કરીને, પીણાં એકબીજા સાથે શેર કરીને, વાસણો અથવા ટૂથબ્રશ શેર કરીને થઈ શકે છે.

**The Men-C-ACYW રસી (Nimenrix®, Menactra®, Menveo™)** ચેપ લાગી શકે એવા બેક્ટેરિયાના ચાર જૂથો સામે સુરક્ષા આપે છે. આ રસી સલામત છે અને **80-85%** જેટલી અસરકારક છે.



સિવાયકે જ્યારે વિદ્યાર્થીને માન્ય છૂટ આપવામાં આવી હોય, એકલ ડોઝ રસી ઓન્ટારિયોમાં શાળાની હાજરી માટે આવશ્યક છે. **Men-C-ACYW** રસી તમામ કિશોર વયના લોકો માટે સૂચિત છે, ભલે પછી તેઓનું અગાઉ બાળપણમાં જ રસીકરણ થઈ ચુક્યું હોય.

**હેપટાઇટિસ બી** અતિશય ચેપી વાઇરસ છે જે યકૃત એટલેકે લિવર પર હુમલો કરે છે અને તેનાથી યકૃતના રોગ તેમજ યકૃતનું કેન્સર થઈ શકે છે. આનો કોઇ ઇલાજ નથી. મોટા ભાગના લોકો સારા થાય છે પરંતુ અન્ય લોકોમાં ચેપ જેમનો તેમ રહે છે અને બાકીના જીવનકાળમાં તેઓ પોતાના શરીરમાં વાઇરસ ધરાવવાનું ચાલુ રાખે છે.

તે ચેપ ધરાવતા વ્યક્તિના લોહી અથવા શરીરના પ્રવાહી સાથે સીધા સંપર્કમાં આવવાથી **ફેલાય છે**, ભલે પછી તેઓ માંદા દેખાતા ન હોય કે માંદગી ન અનુભવતા હોય. તે એકબીજાના રેઝર, સોય અથવા ટૂથબ્રશ વાપરવાથી ફેલાય છે; અસુક્ષિત જાતીય સંબંધ બાંધવાથી; અને ટેટૂ અથવા સ્પાની સાધનસામગ્રી બરાબર સાફ ન કરી હોય ત્યારે ફેલાય છે.

**હેપટાઇટીસ બી રસી** (Recombivax HB® અથવા Engerix®-B) સુરક્ષિત છે અને તમામ ડોઝ આપવામાં આવે ત્યારે 95% કરતા વધુ અસરકારક છે.

11 - 15 વર્ષની વયના વિદ્યાર્થીઓને 6 મહિનાના આંતરે 2 ડોઝની આવશ્યકતા છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા વિદ્યાર્થીઓ, અથવા જેમની ઉંમર 16 અને તેથી વધુ હોય એવા વિદ્યાર્થીઓને ત્રીજા ડોઝની જરૂર પડશે

**હ્યુમન પૅપિલોમાવાઇરસ** એ ખૂબ સામાન્ય વાઇરસ છે જે મોં, માથું અને ગળા, સર્વિક્સ અને જનનાંગોના કેન્સરનું કારણ બની શકે છે. ઘણા લોકો જાણતા નથી હોતા કે તેઓ ચેપગ્રસ્ત છે અને ક્યારેય લક્ષણો વિકસાવતા નથી, તેથી તેઓની જાણ બહાર પોતે અન્ય લોકોમાં તેનો પ્રસાર કરે તેમ બને. આનો કોઈ ઇલાજ નથી, અને ઇમ્યુનાઇઝેશન (રસીકરણ) વિના, એવો અંદાજ છે કે 4 માંથી 3 જાતીય રીતે સક્રિય કેનેડાવાસીને તેમના જીવનકાળમાં HPVનો ચેપ લાગી શકે છે.

તે જનનાંગ વિસ્તારમાં અથવા સેક્સ (જાતીય સંબંધ) દરમિયાન ત્વચા-થી-ત્વચાના સંપર્ક દ્વારા **ફેલાય છે**. HPV ચેપને રોકવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે પ્રથમ વખત સેક્સ કરતા પહેલા રસી મેળવી લેવી.

**HPV-9 રસી** (Gardasil®-9) સુરક્ષિત છે અને તમામ ડોઝ આપવામાં આવે ત્યારે 95% કરતા વધુ અસરકારક છે. તે સાત પ્રકારના વાઇરસ સામે ચેપ થતો અટકાવે છે જે કેન્સર તરફ દોરી શકે છે અને બે એવા પ્રકારો જે જનનાંગ પર થતા મસાઓનું કારણ બને છે.

15 વર્ષ કરતા ઓછી વયના વિદ્યાર્થીઓને 6 મહિનાના આંતરે 2 ડોઝની આવશ્યકતા છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા વિદ્યાર્થીઓ અથવા જેમની ઉંમર 15 અને તેથી વધુ હોય એવા વિદ્યાર્થીઓને ત્રીજા ડોઝની જરૂર પડશે.



## રસી(ઓ) પ્રાપ્ત કર્યા પછી હું શું અપેક્ષા રાખી શકું?

- રસીકરણ કરાવ્યા પછી મોટાભાગના લોકોને કોઈ સમસ્યા નથી થતી. કેટલાક લોકોમાં સોય ભોંકવામાં આવી હોય તે જગ્યા પર હાથમાં દુખાવો અથવા લાલાશ જણાય, સોજો કે ખંજવાળ આવી શકે.
- પ્રસંગોપાત થાક, માથાનો દુખાવો, ચક્કર, મુર્છા, ઊબકા અને હળવો તાવ આવી શકે.



## તમારા ડૉક્ટરને ક્યારે કૉલ કરવો:

- રસીકરણ પછી એલર્જી અથવા ગંભીર પ્રતિક્રિયાઓ જવલ્લે જ જણાય છે. રસીકરણ કરાવ્યાના આશરે અઠવાડિયા પછી આડ અસરો થઈ શકે છે.
- જો તમે નીચે આપેલ કોઇપણ લક્ષણો અનુભવો તો તમારા ડૉક્ટરનો અને પીલ પબ્લિક હેલ્થનો સંપર્ક 905-799-7700 પર કરવો. જો તમારા લક્ષણો ગંભીર હોય તો 911 પર કૉલ કરો.
  - શ્વાસ લેવામાં તકલીફ
  - ચહેરા કે મોઢા પર સોજા
  - હાઇવ્સ (ઉપસેલા લાલ ચકામા)
  - અતિશય ફિક્કો રંગ અથવા સુસ્તી
  - ફેફરૂ
  - 40°C કરતા વધુ તાવ

વધુ જાણકારી માટે peelregion.ca/immunize ની મુલાકાત લો.
અથવા 905-799-7700 પર પીલ પબ્લિક હેલ્થને કૉલ કરો.

CDS-1369 23/12